પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૪ | ૧૫ મે, ૨૦૧૯, બુધવાર; વૈશાખ સુદ-૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ફેડરલ ફ્રન્ટ કોંગ્રેસને સરકાર રચવા સમર્થન નહિ આપે

**કોંગ્રેસને ડ્રાઇવર સીટ કોઇ કિંમતે નહીં આપે : કોંગ્રેસ પાસેથી સરકાર રચવા ટેકો મેળવવામાં વાંધો નથી : ચંદ્રશેખર : વડાપ્રધાન પદના ઉમેદવારની પસંદગી સંમતિથી કરાશે : ભાજપ સાથે તાલમેલ નહીં કરાય : કોંગ્રેસ ૧૦૦ સીટના આંકડાને પાર કરી શકશે નહીં : ટીઆરએસ**




હૈદરાબાદ, તા. ૧૪

લોકસભાની ચૂંટણી પૂર્ણ થવા આવી છે ત્યારે કેન્દ્રમાં સરકાર બનાવવા માટેની કવાયત તીવ્ર બની ગઈ છે. હવે ટીઆરએસે નવો સંકેત આપ્યો છે. ટીઆરએસે કહ્યું છે કે, ફેડરલ ફ્રન્ટ સરકારની રચના કરવા માટે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીનો ટેકો મેળવવા તૈયાર છે પરંતુ કોંગ્રેસ પાર્ટીને ડ્રાઈવર સીટ આપવામાં આવશે નહીં. ટીઆરએસના વડા અને તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે આ નિવેદન કરીને કોંગ્રેસ પાર્ટીની ચિંતા વધારી દીધી છે. ક્ષેત્રિય પક્ષો સાથે મળીને નવા ફેડરલ ફ્રન્ટની રચના કરવામાં આવી રહી છે. સરકારની રચના કરવા કોંગ્રેસ પાસેથી ટેકો મેળવવામાં રાવને કોઈ તકલીફ દેખાઈ રહી નથી. જ્યાં સુધી કેન્દ્રની વાત છે. ફેડરલ ફ્રન્ટ કોંગ્રેસ પાર્ટીને ડ્રાઈવર સીટ આપવા માટે તૈયાર નથી. રાવે બિન કોંગ્રેસ અને બિન ભાજપ ક્ષેત્રિય પક્ષોથી બનીને એક ફેડરલ ફ્રન્ટની સરકાર બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ગયા વર્ષ બાદથી તમામ પક્ષોને ભેગા કરવામાં આવી રહ્યા છે. ચંદ્રશેખર રાવના આ પ્રયાસને થોડાક સમય પહેલા ટેકો મળ્યો હતો પરંતુ હવે ભાજપ અને કોંગ્રેસ બંને માટે જટિલ સ્થિતિ સર્જવાનો સંકેત ટીઆરએસ તરફથી આપવામાં આવ્યો છે. ટીઆરએસના પ્રવક્તા અબીદ રસુલે કહ્યું છે કે, તેમની પાર્ટી રાહુલ ગાંધીના નેતૃત્વમાં ગઠબંધન સાથે કામ કરવા તૈયાર છે પરંતુ કોંગ્રેસને ડ્રાઈવર સીટ આપવા માટે તૈયાર નથી. કેસીઆર પોતાના નિવેદનને લઈને હંમેશા સ્પષ્ટ નિવેદન કરતા રહ્યા છે. તેમનું કહેવું છે કે, ડ્રાઈવર સીટ ફેડરલ ફ્રન્ટની પાસે રહેશે અને સરકાર ચલાવશે. રાવના આ નિવેદનથી નવી ગણતરી શરૂ થઈ ચુકી છે. સરકારની રચના કરવામાં કેટલીક સીટો ખુટશે તો બહારથી તેને ટેકો

● અનુસંધાન પાન-૭ પર

## એપ્રિલમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક ૩.૧૮થી ઘટી ૩.૦૭ ટકા નોંધાયો

**એપ્રિલમાં ખાદ્યાન્ન ચીજવસ્તુઓ વધુ મોંઘી બની શાકભાજીમાં ફુગાવો વધીને ૪૦.૬૫ ટકા સુધી પહોંચ્યો**



નવી દિલ્હી, તા. ૧૪

ખાદ્ય પદાર્થોની કિંમતો વધી જવાના પરિણામ સ્વરુપે તથા ઈંધણની કિંમતો નરમ થવાના લીધે એપ્રિલ મહિનામાં હોલસેલ પ્રાઈઝ આધારિત ફુગાવો ઘટીને ૩.૭ ટકા થયો છે. હોલસેલ મોંઘવારીમાં રાહત થઈ છે. એપ્રિલ મહિનામાં ઘટીને તે ૩.૦૭ ટકા થઈ ગયો છે. ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવો માર્ચ ૨૦૧૯માં ૩.૧૮ ટકા હતો જે એપ્રિલ ૨૦૧૮માં ૩.૬૨ ટકા થઇ ગયો છે. શાકભાજીની કિંમતો વધવાથી એપ્રિલમાં ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ફુગાવામાં વધારો થયો છે. સરકારી આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, એપ્રિલ મહિનામાં શાકભાજીમાં ફુગાવો ૪૦.૬૫ ટકા સુધી પહોંચી ગયો છે. માર્ચ મહિનામાં આ આંકડો ૨૮.૧૩ ટકા હતો. ખાદ્યાન્ન ચીજવસ્તુઓમાં ફુગાવો માર્ચમાં ૫.૬૮ ટકાથી વધીને એપ્રિલ ૨૦૧૯માં ૭.૩૭ ટકા થઇ ગયો છે. બીજી બાજુ ફ્યુઅલ અને વિજળી કેટેગરીમાં ફુગાવો એપ્રિલમાં ઘટીને ૩.૮૪ ટકા થઇ ગયો છે. માર્ચમાં ફુગાવો ૫.૪૧ ટકા હતો. આવી જ રીતે ફુગાવાના આંકડામાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષામાં મુખ્યરીતે રિટેલ ફુગાવાના આંકડા ઉપર ધ્યાન આપવામાં આવે છે.

# મોનસુન ચોથી જૂને કેરળ દરિયાકિનારે પહોંચશે

**એલપીએના ૯૩ ટકા સુધીનો વરસાદ પડશે : દેશભરમાં સામાન્ય કરતા ઓછા વરસાદની સ્કાયમેટની આગાહીથી તંત્ર ચિંતાતુર : જુલાઈ સુધી દેશમાં મોનસુન**

નવી દિલ્હી, તા. ૧૪

ભીષણ ગરમી બાદ વરસાદની ઉત્સુકતા પૂર્વક રાહ જોઈ રહેલા દેશના લોકો માટે હવે ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટ દ્વારા આગાહી કરવામાં આવી ચુકી છે. હવામાન સાથે સંબંધિત માહિતી આપનાર એજન્સીએ આજે કહ્યું હતું કે, મોનસુન ચોથી જૂનના દિવસે સત્તાવારરીતે કેરળના દરિયાકાંઠે આવી પહોંચશે. સાથે સાથે જુલાઈના મધ્ય સુધી સમગ્ર દેશમાં મોનસુન આવરી લેશે. સમયસર વરસાદના પરિણામ સ્વરુપે ડાંગર, સોયાબીન અને કપાસ જેવા પાકની ખેતી પણ સમયસર શરૂ થઈ શકશે. સ્કાયમેટ દ્વારા આપવામાં આવેલી માહિતી ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોનસુનની કેરળ પહોંચવા માટેની તારીખ પહેલી જૂન હતી પરંતુ આ વખતે થોડાક મોડાથી કેરળ પહોંચવાની શક્યતા છે. મોનસુન મોડેથી હોવાના અહેવાલની સાથે સાથે એવી માહિતી પણ મળી રહી છે કે, આ વર્ષે સામાન્ય કરતા ઓછો વરસાદ થશે. સ્કાયમેટના સીઈઓ જતિન સિંહે કહ્યું છે કે, આ સિઝન દેશના તમામ ચાર ક્ષેત્રોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થશે. પૂર્વ, પૂર્વોત્તર, મધ્ય ભારત, ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ દ્વીપની સરખામણીમાં ઓછો વરસાદ થશે. મોનસુન ૨૨મી મેના દિવસે આંદામાન અને નિકોબાર દ્વિપ સુધી પહોંચશે. ગયા મહિનામાં પણ સ્કાયમેટ દ્વારા સિઝનમાં સામાન્યથી ઓછા વરસાદની આગાહી કરી હતી. આ પહેલા ૨૦૧૮ મોનસુનની દ્રષ્ટિએ ખરાબ વર્ષ તરીકે રહ્યા બાદ નિરાશાજનક આગાહી કહી શકાય છે. ૧૨ ક્ષેત્રોમાં ખુબ ઓછો વરસાદ થયો હતો જેથી દુષ્કાળની સ્થિતિ હાલમાં જોઈ શકાય છે. ભારતમાં મોનસુનની રાહ જોવી રહી છે ત્યારે ૨૦૧૯માં સરેરાશ કરતા ઓછો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. સ્કાયમેટ દ્વારા કહેવામાં આવ્યું છે કે, ૨.૬ ટ્રિલિયનના અર્થતંત્રમાં આર્થિક વિકાસ અને કૃષિની સ્થિતિને સુધારવા માટે મોનસુનને ખુબ ઉપયોગી તરીકે ગણવામાં આવે છે. સમયસર વરસાદ ખુબ જ મહત્વપૂર્ણ છે. કૃષિ ક્ષેત્રમાં ચિત્ર કેવું રહેશે તે બાબત પણ મહત્વપૂર્ણ છે. આ વખતે દેશમાં મોનસુન લોંગ પિરિયડ એરવેઝમાં ૯૩ ટકા સુધી રહી શકે છે.

## મોદી-મોદીના નારા લગાવનારો પાસે જઈ પ્રિયંકાએ હાથ મિલાવ્યા



ઈન્દોર,તા.૧૪

કોંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી-વાડ્રાએ સોમવારે અહીં રોડ શો કર્યો હતો. સરઘસના આરંભે એમણે પક્ષનાં વાહનોનો કાફલો અટકાવ્યો હતો અને નરેન્દ્ર મોદીની તરફેણમાં નારા લગાવતા લોકો પાસે જઈ એમની સાથે હાથ મિલાવ્યાં હતાં. એમનાં એ પ્રતિભાવથી મોદી-તરફીઓને ભારે આશ્ચર્ય થયું હતું.

પ્રિયંકા ગાંધી ઈન્દોરમાં પક્ષના ઉમેદવાર પંકજ સંઘવીના પ્રચાર માટે પાંચ કિ.મી.ના રોડ શો માટે અહીં આવ્યાં હતાં. સવારે, એ એરપોર્ટથી શહેર તરફ જતાં હતાં ત્યારે રસ્તામાં એમણે કેટલાક ભાજપ-સમર્થકોને 'મોદી-મોદી'નાં નારા લગાવતા જોયા હતા.

પ્રિયંકાએ એમનો કાફલો અટકાવ્યો હતો અને એમની ટાટા સફારી એસયૂવી કારમાંથી બહાર આવ્યાં હતાં અને ભાજપનાં સમર્થકો પાસે જઈ એમની સાથે હાથ મિલાવ્યાં હતાં. પ્રિયંકાની આવી પ્રતિક્રિયા જોઈને ભાજપ-સમર્થકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પ્રિયંકાએ એમને કહ્યું હતું કે, 'આપ અપની જગહ ઔર મૈં અપની જગહ. ઓલ ધ બેસ્ટ.' ભાજપનાં સમર્થકો કોંગ્રેસી નેતા પ્રિયંકાની સાદગીથી ચકિત થઈ ગયા હતા અને એમણે પણ પ્રિયંકાને સામું 'ઓલ ધ બેસ્ટ' કહ્યું હતું. પ્રિયંકા ત્યારબાદ એમનાં રોડ શો માટે જવા રવાના થયાં હતાં. એમની સાથે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન કમલનાથ અને છત્તીસગઢના મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલ પણ હતા.


# કોલકાતામાં અમિત શાહના રોડ-શોમાં ભારે હિંસા

કોલકાતા, તા.૧૪

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અમિત શાહના રોડ શો દરમિયાન આજે જોરદાર સંખ્યામાં ભાજપના સમર્થકો અને પત્રકારોને ઈજા થઈ હતી. જુદી જુદી જગ્યાઓ ઉપર પોલીસ અને ભાજપના સમર્થકોમાં જોરદાર ઝપાઝપી થતાં સમગ્ર કોલકાતામાં

**રોડ-શો વેળા આગ અને પથ્થરમારાના બનાવો : અમિત શાહનો રોડ શો કોલેજ સ્ટ્રીટ પર પહોંચ્યો ત્યારે જોરદાર ઝપાઝપીની શરૂઆત થઇ : ભાજપના અનેક કાર્યકરો, પત્રકારોને ઇજા : રોડ શો રદ થયો : ભારે લાઠીચાર્જ**

હોબાળો થયો હતો. ભારે હિંસા ભડકી ઉઠી હતી. આગ અને તોડફોડના બનાવો બન્યા હતા. રોડ શો દરમિયાન આગ અને પથ્થરબાજીના બનાવમાં મોટી કોહરામની સ્થિતિ મચી ગઈ હતી જેના પરિણામ સ્વરુપે પોલીસને લાઠીચાર્જ કરવાની પણ ફરજ પડી હતી. એમ માનવામાં આવે છે કે, અમિત શાહે રોડ શો દરમિયાન ટ્રક ઉપર પથ્થરો ફેંકવામાં આવ્યા હતા જેના કારણે હિંસાની શરૂઆત થઈ ગઈ હતી. ચૂંટણી પહેલા અમિત શાહે મંગળવારના દિવસે આજે રોડ શો કરવાની શરૂઆત કરી હતી. રોડ શોમાં મોટી







સંખ્યામાં લોકો પહોંચી પણ રહ્યા હતા. આ ગાળા દરમિયાન જ એકાએક હિંસાની શરૂઆત થઈ હતી. આ રોડ શોમાં જુદી જુદી જગ્યાઓએ ભાજપના સમર્થકોની સાથે ટીએમસી અને ડાબેરી કાર્યકરો વચ્ચે હિંસા જારી રહી હતી છતાં પણ થોડાક સમય સુધી રોડ શો જારી રહ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અમિત શાહના રોડ દરમિયાન જ્યારે મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા હતા ત્યારે હિંસાની શરૂઆત થયા બાદ સ્થિતિ વણસી ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

ગાંધીનગરથી નજીક પ્રતિષ્ઠિત હોસ્પિટલ માટે

**એક્સ-રે ટેકનીશીયન**

**લાયકાત : બીએસસી ફીજીક્સ સાથે, એક્સ-રે ટેકનીશીયન કોર્ષ સર્ટીફિકેટ સાથે**

અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ મળો.

સેક્રેટરીશ્રી

**શેઠ એન. એન. સાર્વજનીક હોસ્પિટલ**

રાંધેજા, તા.જી. ગાંધીનગર

## જેટ એરવેઝના સીઈઓનુ રાજીનામુ


ન્યુ દિલ્હી,તા.૧૪

આર્થિક સંકટનો સામનો કરી રહેલી જેટ એરવેઝના નાયબ સીઈઓ અમિત અગ્રવાલે રાજીનામું આપ્યુ. આ રાજીનામું એવા સમયે આપવામાં આવ્યુ જ્યારે જેટ એરવેઝ આર્થિક સંકટના કારણે જમીન પર આવી ગઈ છે. જેટ એરવેઝના કર્મચારીઓને છેલ્લા ત્રણ માસનો પગલા આપવામાં આવ્યો નથી. જેના કારણે અને કર્મચારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. ગત દિવસે જેટ એરવેઝના કર્મચારીઓના એક ડિલિગેશને મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડનવીસ સાથે મુલાકાત કરી હતી. અને જેટ એરવેઝના કર્મચારીઓએ સીએમ દેવેન્દ્ર ફડનવીસને પોતાની સ્થિતિ અંગે માહિતી આપી હતી.

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા

**ગાંધીનગરમાં નિયમિત ઓપીડી**

Zydus Hospitals
A Complete Hospital



**પેટ, આંતરડા અને લીવરના રોગોના સર્જન**

**ડૉ. વિશાલ સોની**

MS, Fellow (GI Surgery) FMAS, DMAS, FALS, FIAGES

**પેટ, આંતરડા, લીવરની બીમારીઓના લક્ષણો**

- પિત્તાશયમાં સોજો / પથરી
- હર્નિયા
- પેટના કેન્સરની ગાંઠ
- મળમાર્ગની તકલીફો
- એપેન્ડિક્સમાં સોજો
- એસીડીટી, પેટમાં દુઃખાવો
- ઝાડામાં / ઉલ્ટીમાં લોહી પડવું
- સ્વાદુપિંડમાં સોજો, પથરી અથવા ઈન્ફેક્શન

*દૂરબીન દ્વારા ઓપરેશન (લેપ્રોસ્કોપી સર્જરી)

તારીખ: 16-05-2019 (ગુરુવાર) | સમય: સવારે 10:00 થી બપોરે 12:00

**સ્થળ: તેજસ સર્જીકલ હૉસ્પિટલ**

**પથીકા બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-7-C, પ્લોટ નં. 951/1, ગાંધીનગર**

ડૉ. વિશાલ સોની દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે ઓપીડીમાં મળશે.

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક : સચીન જયસ્વાલ - +91 97228 36076**

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ હૉસ્પિટલ, સોલા બ્રિજ પાસે, એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ-54 | 24x7 ઈમરજન્સી નં.: +91 78744 12345

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.




**Param Automobiles**

• Gandhinagar : 7069075809, 9925006035 • Kalol : 9925006552, 9925007422 • Dehgam : 9925006035